# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.નં.મા-૨/૨૦૨૪ ૧૫૯-૩૬ તા.૨૬/૧૧/૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી,

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,તમામ

સુરત.જિ.સુરત

આ સાથે સામેલ પરિપત્રનો આપની કક્ષાએ યોગ્ય અમલ સારું.

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત.જિ.સુરત

બિડાણ :- ઉકત પરિપત્રની નકલ

**GUJARAT STATE NETWORK OF PEOPLE LIVING WITH HIV/AIDS (GSNP+)**

GUJARAT STATE NETWORK OF PEOPLE LIVING WITH HIV/AIDS

**Head Office :** Devi Arcade, 4th Floor, , Nr. Tapi Medical Store, Gaushala, Ashwini Kumar Road, Surat - 395008. (Gujarat)

Email: gsnpgujarat@gsnpplus.org Web: www.gsnpplus.org Phone - 0261 - 3100641

Follow us on FB: www.facebook.com/gsnpplusgujarat Helpline Number : 7069111010 Twitter: @gsnpplusguj

જી.એસ.એન.પી+/૨૪-૨૫/૧૧/૦૬ તારીખ:૨૧-૧૧-૨૪

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી, સુરત.
8240
22/11

પ્રતિ શ્રી

જીલ્લા શિક્ષણ અધિકારી શ્રી,

સુરત.

ગુજરાત સ્ટેટ નેટવર્ક ઓફ પીપલ લિવિંગ વિથ HIV/AIDS (GSNP+) તરફથી હાર્દિક શુભેચ્છાઓ!

ગુજરાત સ્ટેટ નેટવર્ક ઓફ પીપીલ લીવીંગ વિથ એચ.આઈ.વી/એઇડ્સ (જી.એસ.એન.પી.+) સંગઠન ૨003 થી ગુજરાત રાજ્યનું એચ.આઈ.વી સાથે જીવતા લોકોનું , લોકો માટે , લોકો દ્વારા કાર્યરત સજ્ય સ્તરીય સ્વેચ્છિક સામુદાયિક સંગઠન છે. એચ.આઈ.વી સાથે જીવતા લોકો માટે વિવિધ સેવાઓ લક્ષી અવિરત સેવાયજ્ઞ જી.એસ.એન.પી.+ દ્વારા કાર્યરત છે.

આપણે સૌ જાણીએ છીએ તેમ આજની યુવા પેઢી રાષ્ટ્ર નિર્માણ નું એક અભિન્ન અંગ છે અને યુવા પેઢી સ્વસ્થ અને તંદુરસ્ત હોય તે ખુબ જ જરૂરી છે તો જી.એસ.એન.પી+ વિશ્વ એઇડ્સ દિવસ ૧લી ડિસેમ્બર, 2024 ના ના આયોજન ના ભાગ રૂપે તરુણ અવસ્થાની યુવા પેઢી ને એચ.આઈ.વી સંબધિત સાચી ને સચોટ માહિતી હોય અને મળી રહે તે માટે ના પ્રયાસ સ્વરૂપે એક એચ.આઈ.વી ની જાણકારી અને જાગૃતિ સંદર્ભ એક ક્વીઝ નું આયોજન સુરત જીલ્લા ની તમામ સ્કુલ ના યુવા માટે આયોજન થાય અને વધુ માં વધુ ધોરણ ૧૧ અને ૧૨ ના વિદ્યાર્થી ઓ આ ક્વીઝ માં સામેલ થાય તે માટે આપની કક્ષાએ થી સંબધિત અધિકારી શ્રી નો સહયોગ પ્રાપ્ત થાય તે માટે અમો આપને વિનંતી કરીએ છીએ. સદરહુ ક્વીઝ માં સહભાગી થનાર વિદ્યાર્થી ને જી.એસ.એન.પી+ દ્વારા એક સર્ટીફીકેટ એનાયત કરવામાં આવશે અને દરેક સ્કુલ ના પ્રથમ/દીતીય અને તૃતીય આવનાર વિદ્યાર્થી ને પ્રોત્સાહન ઇનામ વિતરણ કરવામાં આવનાર છે કવીઝ માં ભાગ લેવા માટે માટે દરેક વિદ્યાર્થી ની નોધણી માટે જી.એસ.એન.પી+ ની વેબસાઈટ ની માહિતી આ સાથે ઉપલબ્ધ છે.

22/11

આપના આભારી.

દક્ષાબેન પટેલ –

મંત્રી શ્રી-જી.એસ.એન.પી+

ગુજરાત સ્ટેટ નેટવર્ક ઓફ પીપલ લીવીંગ વિથ એચ.આઈ.વી./એઇડ્સ (GSNP+)

દ્વારા આયોજિત

૧ ડીસેમ્બર ૨૦૨૪, વિશ્વ એઇડ્સ દિવસ

નિમિત

“બેઝીક ઓફ HIV/AIDS ક્વીઝ કોમ્પીટીશન” સ્પર્ધા

જી.એસ.એન.પી.+ વિશે

ગુજરાત સ્ટેટ નેટવર્ક ઓફ પીપલ લીવીંગ વિથ HIV/AIDS (GSNP+) એક રાજ્યકક્ષાનું સામુદાયિક સંગઠન છે જે એચ.આઈ.વી. પોઝીટીવ લોકો દ્વારા અને એચ.આઈ.વી. પોઝીટીવ લોકો માટે કાર્ય કરતું સંગઠન છે જેની સ્થાપના ૬ ફેબ્રુઆરી ૨૦૦૩ ના રોજ સુરત ખાતે કરવામાં આવી હતી. હાલ ગુજરાતના ૮૦૦૦૦ થી પણ વધારે HIV પોઝીટીવ લોકો સંસ્થા સાથે જોડાયેલ છે અને વિવિધ સેવાનો લાભ લઇ રહ્યા છે. સંસ્થાનો મુખ્ય હેતુ એચ.આઈ.વી. પોઝીટીવ લોકોની જીવન જીવવાની ગુણવતામાં વધારો કરવાનો છે સાથે સાથે એડવોકેશી અને HIV પોઝીટીવ સમુદાય નું સશક્તિકરણ મુખ્ય ઘટકો છે.

વિશ્વ એઇડ્સ દિવસ

વર્લ્ડ એઈડ્સ દિવસ વિશ્વ માં દર વર્ષે ૧ ડીસેમ્બર ના રોજ મનાવવામાં આવે છે. આ દિવસ એચઆઈવી/એઈડ્સ અંગે જાગૃતિ વધારવા, પીડિત વ્યક્તિઓ પ્રત્યે એકતા દર્શાવવા, અને એઈડ્સ સંબંધિત બીમારીઓથી મૃત્યુ પામેલા લોકોના જીવનનું સન્માન કરવા માટેનો વૈશ્વિક દિવસ છે. આ દિવસે લોકો એચઆઈવી સંબંધિત મુદ્દાઓના નિરાકરણ માટે તેમની પ્રતિબદ્ધતા પુનઃસ્થાપિત કરે છે. વર્લ્ડ એઈડ્સ ડે 2024 ની થીમ "Take a Rights Path: My Health, My Right" એ આરોગ્યને માનવ અધિકાર તરીકે સ્વીકારવા પર

ભાર મૂકે છે. આ થીમ એચઆઈવી/એઈડ્સથી પ્રભાવિત લોકો માટે સમાન આરોગ્ય સેવાઓ, માનવ અધિકારો અને ગૌરવપૂર્ણ જીવન માટેની તાકીદ છે.

વિશ્વ એઇડ્સ દિવસ નિમિતે બેઝીક ઓફ HIV/AIDS ક્વીઝ કોમ્પીટીશન

આયોજન:

વિશ્વ એઇડ્સ દિવસ 2024 નિમિતે GSNP+ દ્વારા વિદ્યાર્થી, યુવાનો અને સમુદાયમાં HIV/AIDS વિશે જાગૃતિ લાવવા માટે એક ક્વિઝ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું છે.

ક્વિઝ કોમ્પીટીશન માટેની વિગતો:

1. કોણ ભાગ લઇ શકે છે?

- ધોરણ ૧૧ અને ૧૨ ના વિદ્યાર્થીઓ
- કોલેજ ના વિદ્યાર્થીઓ

2. રજીસ્ટ્રેશન પ્રોસેસ:

- વિદ્યાર્થીઓએ www.gsnpplus.org પર જઈને ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.
- રજીસ્ટ્રેશન માટેની તારીખ: ૨૫ નવેમ્બર ૨૦૨૪થી ૨૯ નવેમ્બર ૨૦૨૪
- રજીસ્ટ્રેશન વખતે આપેલ ઈમેલ આઈડી પર ક્વિઝ માટેની લીંક મોકલવામાં આવશે.(ઈમેલ અડ્રેસ વિદ્યાર્થી અથવા વાલી)

3. ક્વિઝ કોમ્પીટીશન તારીખ અને સમય:

- તારીખ: ૦૧ ડિસેમ્બર ૨૦૨૪ (વિશ્વ એઇડ્સ દિવસ)
- સમય: સવારે ૧૦:૦૦ કલાકથી ૧૧:૦૦ કલાક સુધી
  - o લીંક સવારે ૯:૫૦ કલાકે ઓપન થશે.
  - o પ્રતિભાગીઓ પોતાના જવાબો લાઇવ પોર્ટલ પર સબમિટ કરી શકશે.

4. ક્વિઝ ફોર્મેટ:

- કુલ ૫૦ પ્રશ્નો (દરેક પ્રશ્નો ના ૨ માર્ક એમ કુલ ૧૦૦ માર્ક્સ રેહશે)
- દરેક પ્રશ્ન માટે 4 ઓપ્શનમાંથી 1 સાચો જવાબ પસંદ કરવો રહેશે.

વિજેતા અને પુરસ્કારો:

1. સર્ટિફિકેટ:

- ૫૦% કે વધુ માર્ક્સ મેળવનારા તમામ પ્રતિભાગીઓને ઇમેલ દ્વારા સર્ટિફિકેટ આપવામાં આવશે.

2. ટોપ 3 વિજેતા (દરેક કેટેગરી):

- ધોરણ ૧૧, ૧૨ અને કોલેજના શ્રેણી મુજબ ટોપ ૩ વિજેતાઓને:
  - સર્ટિફિકેટ
  - ગીફ્ટ

3. ટોપ 3 સ્કુલ/કોલેજ:

- જે સ્કુલ/કોલેજમાંથી સૌથી વધુ રજીસ્ટ્રેશન થશે, તે ટોપ 3 સંસ્થાને એવોર્ડ આપવામાં આવશે.

મહત્વપૂર્ણ:

- ફોર્મ સબમિટ કર્યા બાદ રજીસ્ટ્રેશન સફળતા પૂર્વક પૂર્ણ થશે.
- ચોક્કસ સમય મર્યાદામાં જવાબો સબમિટ કરવાના રહેશે.
- પરીક્ષાનું પરિણામ અને સર્ટિફિકેટ ઇમેલ દ્વારા મોકલવામાં આવશે.

Take a Rights Path: My Health, My Right!

વિશ્વ એઇડ્સ દિવસ 2024ની થીમ: Take a Rights Path: My Health, My Right!

આ ક્વિઝનો હેતુ માત્ર જ્ઞાન વધારવાનો જ નહીં પરંતુ HIV/AIDS વિષેની ભ્રાંતિઓ દૂર કરીને એક ઉત્કૃષ્ટ સમાજની રચના કરવો છે.

આયોજક: GSNP+ (Gujarat State Network of People Living with HIV/AIDS)

વધુ માહિતી માટે:

- વેબસાઇટ: www.gsnpplus.org
- ઇમેલ: gsnpgujarat@gsnpplus.org
- કોન્ટેક્ટ: (+91) 7069111010/૭૮૭૮૪૨૪૧૩૦/૭૬૦૦૦૨૪૮૯૪

આવો, અને અમારા જાગૃતિ લાવવાના આ મહાન યજ્ઞમાં ભાગીદાર બનો!